SHAMAL BHAT'S CHUPPA.



શામળ કૃત છપા.

વિષયો.

પેટ, જર, કુસંગત, અને મોત વિશે.

ગુણીજન કવિ ગુજરાતમાં,
આગળ થયા અપાર;
શામળ ભટ પણ એક છે,
આ વિષયો રચનાર—૧

મુંબઈ.

આર્ય મંડળ પ્રેસ.

૧૮૭૪

કીમત ૩ આના.

શામળ કૃત છપ્પા.

પેટ ભરવા વિષય. ૧

પેટ કરાવે વેઠ, પેટ વાજાં વજડાવે;
પેટ ઉપાડે ભાર, પેટ ગુણ સૌના ગાવે;
પેટ ભમે પરદેશ, પેટથી પાપ કરેછે;
પેટ કરેછે જાર, પેટ તો સત્ય હરેછે;
વળિ સંચ પ્રપંચ અધિક કરે, પેટ કાજ નરકે પડે;
શામળ કહે સાચું માનજો, પેટ પાપ નરને નડે. ૧
વિપ્ર પેટને કાજ, શાસ્ત્ર વાંચે નેં શીખે;
વિચરી વળી વિદેશ, ભણેલા થઇને ભીખે;
વણિક પેટને કાજ, ચાહિ ને વહાણ ચડેછે;
મજુર ઉપાડે ભાર, ઘણા જન ઘાટ ઘડેછે;
વળિ કરેછે કાશદ કાશદું, શિર કપાવિ તસ્કર મરે;
કહે શામળ પેટને કારણે, કુળાચાર સૌકો કરે. ૨
પેટ ચડાવે વાંસ, પેટથી નરતક નાચે;
પેટ કાજ ગુણ ગાય, ઊંચ નીચાને જાચે;
પેટ કરે છળ કપટ, પેટ રણમાં રખડાવે;
પેટ કરે વિખવાદ પેટ તો શીશ કટાવે;
ચોરી ચાડી નેં ચાકરી, અધર્મ સૌ આપેટના;
શામળ કહે સાચું માનજો, પ્રપંચ પાપી પેટના. ૩
કિયા ધડકણ નેં ધીર, કિયા ગુણહિણ નેં ગ્નાતા;
કિયા કૃપણ નેં કર્ણ, કિયા દંભી નેં દાતા;
કિયા રંક નેં રાય, કિયા અકરમી ઇંદર;
કિયા પાપિ પુન્યવંત, કિયા ચખહિણ નેં [illegible]
વળિ અણપંડિત પંડિત કિયા, [illegible]

શામળ કહે માન ગમાવિયાં, કુડા પેટને કારણે. ૪
કિયા દરિદ્રિ દિવાન, કિયા કૃપણ કૃપાળા;
કિયા જુધિષ્ટિર જોર, કિયા ભિક્ષુક ભૂપાળા;
કિયા બુદ્ધિ બળવંત, કિયા ગદ્ધા નેં ઘોડા;
કિયા કપૂત સપૂત, રામ લક્ષ્મણના જોડા;
નર નાર જાર નેં સતિ કિયાં, જાણી જેને વારણે;
શામળ કહે માન ગમાવિયાં, કુડા પેટને કારણે. ૫
કિયા નીચ નેં ઊંચ, કિયા રોગી નેં સાજા,
કિયા અબળ નેં સબળ, કિયા દુર્બળ નેં તાજા;
કિયા અજાણ નેં જાણ, કિયા પથ્થર નેં હીરા;
કિયા અજા ગજરાજ, કિયા વેરી નેં વીરા;
જૂઠા બોલા સાચા કિયા, નીચ બુદ્ધિ કરે નેટને;
શામળ કહે માન ગમાવિયાં, પ્રપંચ પાપી પેટને. ૬
કઇ લછ નેં અલછ, કઇ રંજિત નેં રંગા;
કઇ રૂપહિણ રત્ન, કઇ ગંદી નેં ગંગા;
કઇ મૃગનેણી નાર, કઇ વળિ આંખે કાણી;
કઇ દાસી દેખિયે, રીઝવાળી કઇ રાણી;
જે લપોડશંખ લેખ્યા વિના, દક્ષણાંવંત વળી કહ્યા;
શામળ કહે કવિ કોવીદ પણ, પેટતણે વશ સઉ રહ્યા. ૭
પેટ કરાવે પાપ, પેટ પરદેશે કાઢે;
પેટજ કરે પ્રપંચ, ચલાવે મારગ આડે;
પેટ કરે પાખંડ, પેટ વણ વાંકે દંડે;
પેટે સંકટ થાય, પેટ મેહેનતમાં મંડે;
સતિ નારીને ગુણકા કરે, શા અવગુણ કહું શેઠના;
કહેછે સો જાણજો, પ્રપંચ પાપી પેટના. ૮
આધાર, અન્ન દૈવત એ મોટું;
જ્યવ, અન્ન વણ સરવે ખોટું;

દેવ દનુજ નર નાર, જિવેછે અન્નને જોરે;
અન્ન વિનાનું સર્વ, આગી અંધારૂં ઘોરે;
પાળણ પોષણ પૃથવી વિષે, કરતારે કૃત કૂરણા;
શામળ કહેછે સેવો સઉ, આદ્યશક્તિ અન્નપૂરણા. ૯

સિતારામ તે એજ, એજ શ્રીરાધાકૃષ્ણ;
એ ઉમયા નેં ઇશ, પંડિતે કીધું પ્રષ્ણ;
એ રોહણિ નેં ચંદ્ર, એજ બ્રહ્મા સાવિત્રી;
મંત્ર જંત્ર નેં તંત્ર, એજ ગુણત્રિધિ ગાયત્રી;
અન્નપૂર્ણા સૌની ઇષ્ટછે, બુદ્ધિવંત જન બૂઝશે;
શામળ કહે અન્ન આધારથી, સર્વે ડહાપણ સૂઝશે. ૧૦

અન્નપૂર્ણા વડિ માત, જગત જીવાડણ જાણી;
અન્ન વિના સઉ શુન્ય, અન્ન વિણ જિવે ન પ્રાણી;
અન્ન વિના સુખ અલ્પ, અન્ન વિણ ચરણ ન ચાલે;
અન્ન વણ ભાવે ન ભક્તિ, અન્ન વણ મોજ ન માલે;
ઇશ્વર વહાલો નહિ અન્ન વણ, ગાન તાન ગુણ નવગમે;
શામળ સેવો અન્નપૂર્ણા, સકળ દુઃખ એથી શમે. ૧૧—૬૬

જર વિષય. ૨

જરને વશ છે જગત, રાય પણ જરથી રીઝે;
જુવતી જર વશ હોય, લાભ પણ જરથી લીજે;
જર સજ્જન સનમાન, જરે જશવંત કહાવે;
જરથી પામે જોખ, સતી શુભ કુળની આવે;
જરનુંજ જગતમાં જોર છે, દુરિજન જરે નમે સહુ;
શામળ કહેછે જર જોરથી, બાપો એમ કહે બહુ. ૧
જર માતા નેં તાત, જાત તે જરથી જાણો;
ડહાપણ પણ છે દામ, દામ રાજા નેં રાણો;
સગાં સહોદર સર્વ, દ્રવ્ય વણજે વેપારી;
રંગ ને રૂપ અનૂપ, દ્રવ્ય તે ધીરજધારી;
સૌ જગત વશ્યું છે જરથકી, ગરથ—

શામળ કહે સ્વર્ગે સંચરે, જોર હોય જો જરતણું. ૨
વપ્ર ભણેછે વેદ, જઇ જરને તે જાચે;
સાધક ને વળિ સિદ્ધ, રૂહે જરથી તે રાચે;
શૂરા બાંધે શસ્ત્ર, જરથકી તે કર જોડે;
અનમી નેં અહંકારિ, હાથ જર આગળ ઓડે;
ગામી નામી નેં મહિપતી, જરને વશ વરતી રહે;
શામળ કહેછે સંસાર સૌ, દમડાને ડાહ્યો કહે. ૩
જરથી પામે જોખ, જરે ઈંદ્રાસન આણે;
જરથી જગ જીતાય, જરથકી મોટમ માણે;
જરથી લાખ કરોડ, હોડ હઠીલા હારે;
જરથી રાજ્ય થપાય, જરે ઝાઝાને મારે;
એમ જગત વશ્ય છે જરતણે, ચિંતવે તેવા ગુણ ગણે;
જગદીશ ઇશ વશ જરતણે, સામળભટ સાચું ભણે. ૪
ઘણો જેહ ઘર ગરથ, રૂપ તેને પેર રહેછે;
ઘણો જેહ ઘર ગરથ, કુલિન પણ તેને કહેછે;
ઘણો જેહ ઘર ગરથ, રહે વશ તેને રાજા;
ઘણો જેહ ઘર ગરથ, સુજશ બોલે જન ઝાઝા;
જર તો છે ઇશ્વરથી અધિક, બુધિ નિધાન પ્રાક્રમ બહૂ;
શામળ સેવક શ્રીમંતના, શત પ્રકાર શોભિત સહૂ.
જર વીના જે જોખ, શાખ તેતો નહિ સાચો;
જર વિણ તનમાં પ્રાણ, કહૂ કરતૂતે કાચો;
જર વીના જે રૂપ, દેહ કૂરાપી કૂડો;
વિણ મંદિર માળ, ભર્મ રાખે તે ભૂંડો;
''ખ્યુ.છે જેટલું, તે ઘેલાપણુ જાણવું;
બીજ તે, જગમાં જર પરમાણવું. ૬

જરથી શોભે સર્વ, વેદના જરથી વામે;
જરથી જીતે ન્યાય, જરે મનવાંછિત પાંમે;
જરથી સગપણ સાથ, કરે જરથી સૌ કાજે;
જર ઓડાવે હાથ, જરથકી સરવે લાજે;
જર તરણાનો મેરૂ કરે, રાજ્ય અપાવે રંકને;
કવિ શામળ કહેછે જરથકી, પામર લૂટે લંકને. ૭
ગાંઠે જેને ગરથ, ભલી તે વિદ્યા ભણિયો;
ગાંઠે જેને ગરથ, રહે નહિ કોઈનો રણિયો;
ગાંઠે જેને ગરથ, તેજ પંડિત છે પૂરો;
ગાંઠે જેને ગરથ, તેજ છે સામદ શૂરો;
વળિ ગાંઠે જેને ગરથ છે, પરાક્રમી પરમાણવો;
શામલ કહેછે સંસારમાં, જર વિણ મૂરખ જાણવો. ૮
જર છે સૌનો જીવ, જરે લે માહાત્મ્ય માણી;
કરે પરાણે પ્રીત, રંક રાજા નેં રાણી;
જર વશ બાંધ્યું જગત, જરે જુવતી વશ થાય;
જર આગળ કરજોડિ, રહે મોટા રૂષિરાય;
જર જંગલમાં મંગળ કરે, જુગતી સરવે જોગવે;
શામળ કહે ધનથી ધનપતી; ભારે સુખ તે ભોગવે. ૯
ડહાપણ દમડામાંહિ, રહે દમડામાં યારી;
દમડામાંહી રૂપ, ભેદ દમડામાં ભારી;
જો દમડામાં જોર, રહે વશ થઈને રાજા;
દમડે ઉંચ અધિકાર, ગુણ દમડામાં ઝાઝા;
દમડો છે આંધો દેવથી, વશ દમડે સૌ વા—
શામળ કહેછે દમડાતણાં, ભાત ભા—
જર દેખી જશવંત, ગુણ —

ધન દેખી ધનવંત, નીચેને શીશ નમાવે;
સોનુ દેખિ શ્રીમંત, કપટનું કામ કરે છે;
ગરથ દેખિ ગુણવંત, હેતથી હાથ ધરેછે;
રાજાની કે શું રંકની, નિર્મળ કુળની નારિયો;
શામળ કહેછે સત્ય જાણજો, જર દેખી કરે જારિયો. ૧૧
જર કપાવે શીશ, ચતુર ચાકરી ચહાવે;
નાચે છે નૃત્યવંત. ગીત ગુણિજન થઇ ગાયે;
વદ્યાવંત વિદેશ, જાચવા કારણ જાયે;
મજુર વહે શિર ભાર, કષ્ટ કાશદ સહે કાયે;
જે જે ઉપાય અન્યાય જે, બુદ્ધિ બગાડે બારણે;
શામળ કહે શાણા સમજજો દ્રવ્ય કમાવા કારણે. ૧૨
જર પામી જગમાંહિ, મોજ એકે શી માણે;
જર પામી જગમાંહિ, આપ અકલ શી આણે;
જર પામી જગમાંહિ, સ્વાદ એકે નવ સૂજે;
જર પામી જગમાંહિ, ખડાઇ કશી ન બૂઝે;
જર પામી તો જખ મારતા, ફરે બિચારા બુધ બહુ;
શામળ કહેછે જર જોરથી, શુભ વાતો સૂજે સહુ. ૧૩
દમડા પાખિ દરિદ્ર, કુલિન તે કિંકર કહાવે;
રિદ્ધિ વિના તે રંક, પ્રતિષ્ટા માન ગમાવે;
વિદ્યા અને વિવેક, દામ આગળ સૌ, ડૂલ્યા;
જે જે કરવા જાય, ભરમથી સરવે ભૂલ્યાં;
પર શાણા ઘણા, વપુ વરણાગી વાંકડા;
સંસારમાં રિદ્ધિ વિનાનાં રાંકડા. ૧૪
મ ઓઝા કરિ ઝૂઝે;
ે નવ બૂઝે;

જેને જરનું જોર, અહંપદ અતિશે આણે;
જેને જરનું જોર, જગત ઉજડ તે જાણે;
વળિ જેને જરનું જોર છે, છાક્યો રહે અમલે અતી;
શામળ કહેછે સદ્બુદ્ધિ વણું, રૂડું ન થાય તેથી રતી. ૧૫
બે હાથીનું જોર, બાહુ બે માંહિ બિરાજે;
વાઘ સિંહની પેર, ગરથ ગાંડે તે ગાજે;
ભુખ તડકો કે ટાઢ, નહી જર પાશે જાય;
વ્યંતર ભૂત કે પ્રેત, કદી ચેટક ન ચહાય;
મન મદિરા શેરસવાતણી, કેફ સદા આવી વસે;
શામળ કહે દુખિયો, દુખ કહે, જરવાળો હેઠે હસે. ૧૬
નિરધન બોલે સત્ય, કહે જરવાળો જૂઠી;
નિરધન ગાણું ગાય, જાય જરવાળો ઉઠી;
હા હા કહે સઉ લોક, વદે જરવાળો જૂઠું;
રિદ્ધિ ઉપર સઉ રાજિ, રિદ્ધિ પામી સઉ રૂડું;
ચૌદ વિદ્યાની ચાતુરી, ગરથ સાથ વાસો રહે;
વળિ કર્મ ધર્મ ને શર્મ સઉ, કવિ શામળ જરને કહે ૧૭
ડાટ્યું જેણે દ્રવ્ય, સત્વ અવતરિયા સાપે;
ડાટ્યું જેણે દ્રવ્ય, પિંડ નવ લીધો બાપે;
ડાટ્યું જેણે [illegible] વ્ય, પાપમાં થયોજ ગરેક;
ડાટ્યું જેણે દ્રવ્ય, નીચ તે પડિયો નરકે;
નવ ખાધું ખરચ્યું વાવર્યું, દાન દેઇ જશ નવ લિયો;
શામળ શિર ભાર વહી મુઓ, દૈવે તેને દંડિયો. ૧૮
જેમ ઘાંચિનો બળદ, રાત દીવસ તે ફરિયો;
ત્યમ ગદ્ધો ગુણહીણ, ભાર અણલેખે ભરિ[illegible]
પાણી જેમ પખાલ, પુંઠપર પરે પાણ[illegible]
વેડે પકડયો વીર, તડફડીને ન[illegible]

જર રહ્યો રોજ થઈ રાંકડો, વેઠી દુઃખ વધારિયો;
શામળ નવ ખાધો ખરચિયો, જીતી બાજી હારિયો. ૧૯
જર જોતામાં જાય, જુઓ જર ખાતાં ખૂટે;
જર જોતામાં જાય, ચોર કે હાકમ લૂટે;
જર જોતામાં જાય. ઊઠે જો આગ સજોરી;
જર જોતામાં જાય, ચડે ચાડી કે ચોરી;
જર જાવા બેસે જે સમે, રાખ્યું ઘડી રહે નહી;
શામળ કહે જાય સમૂળને, કહો મૂખ જોવું કહી. ૨૦
તેડે ત્યાં નવ જાય, ઘણી મેહેનતથી માગે;
જા કહેતાં નવ જાય, પ્રણીપત પાયે લાગે;
કોશર કિધે ન રહે, ન રહે વાવરતાં દહાડી;
કરે કોટિ ધિક્કાર, જાય નહિ હાંકી કહાડી;
આશા રખેજ એની કરો, માનો કહું તે મર્મની;
શામળ કહેછે લક્ષ્મી રહે, કબુલ હોય જો કર્મની. ૨૧
નાવે ડહાપણ કીધ, ન આવે વિદ્યા ભણતાં;
નાવે કરતાં કપટ, ન આવે સદગુણ ગણતાં;
નાવે ગયે વિદેશ, ન આવે વેઠયે દુઃખે;
નાવે જણાવ્યે જોર, ન આવે ભમતાં ભૂખે;
આવે ન પરાક્રમ પૂરથી, નાવે લોભ લુંચાથકી;
શામળ કહે લક્ષ્મી લેહેર તો, મળે કર્મ-સંચાથકી. ૨૨
કઈક ઉપાડે ભાર, ઉદર પણ રહે અધૂરૂં;
કઈક ચડેછે વાંશ, પેટ પણ થાય ન પૂરૂં;
કઈક ભણી વિદ્યાય, ચતુર આગુવાણા ચરણે;
[illegible]રે વેપાર, નહી પણ કુંડળ કરણે;
[illegible] નથિ આવતી, ભોળાશો નહિ ભર્મમાં;
[illegible]કે કબુલ હોય કર્મમાં ૩૨

વિદ્યા ન મૂકાય હાટ, વિદ્યા ઘરેણું ન ઘડાય;
વિદ્યા ન વસ્ત્ર વણાય, વીદ્યા ચૂલે ન ચડાય;
વિદ્યા થાય નખોટ, વિદ્યાથી ભૂખ ન ભાગે;
નહિ પેહેરાય ઓઢાય; કદી વિદ્યા નર નાગે;
વિદ્યાથી વપૂ રહે નહી, પિવાય નહિ તે પાણિયે;
પેઠે દરિદ્ર ડાહ્યો વળી, જન તે મુરખ જાણિયે. ૨૪—૨૧૦

કુસંગતિ વિષય. ૩

કરે નીચનો સંગ, નીચની બુદ્ધી આવે;
કરે નીચનો સંગ, સકળ સદગુણ ગમાવે:
કરે નીચનો સંગ, નીચની ભાષા ભાખે;
કરે નીચનો સંગ, નીચની રીતી રાખે;
વળિ નીચ કામ નીચાં કરે, નિચ કહેવાયે ઉંચ જન;
શામળ કહે સંગત નીચની, કોઇ ન કરશો કોય દન. ૧

પંડિત પંડિત પ્રીત, મુરખને મૂરખ વહાલા;
રૂડા રૂડી રીત, ચતુર ચતુરાઇ ત્યાં ચાલ્યા;
સુમને વહાલો સૂમ, વહાલ દાતાને દાતા;
જારને વહાલો જાર, ગુણીજનને ગુણગાતા;
શૂરાને વહાલા શૂરનર કાયરને કાયર ગમે;
જશવંત ગમે જશવંતને શામળ રામ રૂદે રમે. ૨

મલે ઉંચને ઉંચ, મળે ભંગીને ભંગી;
મળે નીચને નીચ, મળે રાગીને રંગી;
મળે ભગતને ભગત, મળે પાપીને પાપી;
મળે જ્ઞાનિને જ્ઞાનિ, મળે જપકને જાપી;
વળિ વ્યસનીને વ્યસની મળે, મળતે મળતા ગુણ મળે;
જયમ લવણ મળેછે તક્રમા, શામળ પય શાકર ભળે. ૩—૨૨૮

મોત વિષય. ૪

કોઇ કહે આવ્યો તાવ, કોઇ કહે
કોઇ કહે કરડ્યો નાગ, કોઇ

કોઇ કહે વ્યાપ્યો રોગ, કોઇ કહે શસ્ત્રજ વાગ્યું;
કોઇ કહે મારી મૂઠ, કોઇ કહે પાપજ લાગ્યું;
ઇશ્વર માથે લેતો નથી, જગતમાંહિ મહિમા જુઓ;
શામળ કહે છે સૌ સાંભળો મોત આવ્યું તેથી મુઓ. ૧

પેસે અરણવ નીર તીર ગંગાને બેસે;
અડે જો પર્વત મેર કદી પાતાળે પેસે;
પર્વતમાંહિ પ્રવેશ, કરે આપે એકાંતે;
ઔષધ અમૃતાહાર, ભમે ભૂલા બહુ ભ્રાંતે;
કિંકર રાખે કઇ કોટિધા, સંચ પ્રપંચ ઘણા કરે;
શામળ કહે છે સૌ સાંભળો, મોત આવ્યે નિશ્ચે મરે. ૨

માત તાત ને મિત્ર, પુત્ર પરિવારજ પોઢા;
અગણિત અપરમપાર, ઘણા હસ્તી ને ઘોડા;
સેવક સાથે શૂર, પરીપૂરણ પરતાપે;
બાળવંતા બહુ બહુ, છત્ર છાંયે છત છાપે;
અધિકાર અચુત લખ ઇંદ્રનો, કોડ વાર શું કહું કરી;
પણ મોત થકી મૂકાવવા, શામળ કોઇ સમરથ નથી. ૩

નાઠે ન મુકે ભૂખ, દુઃખ નાઠે નવ જાય;
નાઠે ન મુકે ભોગ, રોગ નાઠે પણ થાય;
નાઠે ન મુકે તાવ, પાપ નાઠે નવ છૂટે;
નાઠે ન રહે લાજ, ચોર કે હાકમ લૂટે,
કદિ નાઠે મોત મુકે નહી, પ્રસવ્યો ત્યાંથી પાસ છે;
કવિ શામળ ભટ સાચું કહે, નામ સર્વનો નાશ છે. ૪

જે જાયું તે જાય, જેહ ફૂલ્યું તે ખરશે;
ભર્યું તેહ ઠલવાય, ચડ્યું તેતો ઉતરશે;
લીલું તે સૂકાય. નવું તે જૂનું થાશે;
આપુદા વશ સર્વ, કાળ સૌકોને ખાશે;
[illegible]નર જક્ષ ને રાક્ષસો, દેવ ગાંધર્વ ને દાનવી;
[illegible] મોતે મરે, પ્રાણ માત્રમાં માનવી. ૫

[illegible] ગયા બ્રહ્મા કઇ ભૂલ્યા;
[illegible] પણ ડૂલ્યા;

ગયા દેવ દિગપાળ, ગયા માંધાતા મહિપત;
ગયા દિલિપ હરિચંદ્ર, ગયા છાકેલ છત્રપત;
વળિ ગયા જનકને જાદવો, ને વળિ લાગ્યા જાહ્નવી;
સ્થિરસ્થાવર કોઇ રહ્યા નહી, કોણ માત્રમાં માનવી. ૬
માત પિતાનો ભોગ, જોગ વીરજ બંધાયું
રૂધિર માંસને હાડ, શરિર તેનું સંધાયું;
નસો જાળ નખ વાળ, સંગ લઇ સાંધા મેળ્યા;
પચ્ચભૂતના ભાગ, લાગ ભમવાને મેળ્યા;
મમતા માયા અહંકાર અતિ, વાયુરૂપ કોટકિ વસ્યો;
શામળ જળ પરપોટો જથા, કહો ગરવ તેનો કશ્યો; ૭
મારૂં મારૂં કહે મૂઢ કારમી કાયા માયા;
અજ્ઞાને આરૂઢ, અંધ થઈ ધંધે ધાયા;
આ મારૂં ઘરસૂત્ર. પુત્ર મારો પરણાવું;
ઘડપણ પાળે મને, આજ ભલિભાત ભણાવું;
પણ દીપક વશછે વાયુને, કાચો કૂંપો કામનો;
શામળ કહે મુઢ મમતા કરે, એવા શરિર અસાચનો. ૮
જાય જોરાવર શરણ. પ્રિતે પાતાળે પેસે;
પેસે અરણવ નીર,મેરૂ માથે જઈ બેસે;
જાય શેષને શરણ, રથીરથ આગળ ચાલે;
મંત્ર જંત્રના જાપ, કરી મઘવાસંગ માલે;
કદિ સંચ પ્રપંચ કરે ઘણા, રવિ મંડળ આપું અટે;
પણ શામળભટ સાચું કહે, મરવાનું તો નહી મટે. ૯
કોઇ આજ કોઈ કાલ, કોઇ દિવસે કોઇ રાતે;
કોઈ જોબન કોઇ વૃદ્ધ, બાળ જન જુવતી
કોઇ તાવે નરકડી, આપઘાતે કોઈ

કોઈ ભોગ કોઇ રોગ, કોઇ તો સરપ કરડતાં;
કોઇ વાસિવિકાર કે હડકવા, કોઈ મમતે લડિને મુઓ;
પણ કાળ ન મુકે કોઇને. શામળ કહે સમજી જુઓ. ૧૦

રાખે લખ રખવાળ, લોહ પિંજરમાં પેસે;
અરણવ વિચ આસંન, વાળિને જો કોઈ બેસે;
વજ્રગુફા ગંભીર, માંહિ કોરાગી જાણે;
ફંદ જાળ વિછાય, જુગતથી જો વળિ જાણે;
સંભાળિ સાચવી સાંચરે કોટિ જતન કોડે કરે;
જાળવતાં પણ જીવે નહી, મોત વખત નિશ્ચે મરે. ૧૧

ચિરંજીવિ નહિ કોઈ, ગયા માંધાતા મહિપત;
ચિરંજીવિ નહિ કોઇ, ગયા વહિ અગણિત અહિપત;
ચિરંજીવિ નહિ કોઇ, ગયા અધિકારી ઇંદ્ર;
ચિરંજીવિ નહિ કોઇ, ગયા કઇ સુરજ ચંદ્ર;
વળિ ગયા રામ ને રાવણા, ગયા દેવને દાનવી;
સતવાદી સલક્ષણા ગયા, કોણ માત્રમાં માનવિ. ૧૨

કોઈ આજ કોઇ કાલ, કોઈ માસે ખટ માસે;
કોઈ વર્ષ દશબાર, કોઈ પચીશ પચાસે;
કોઈ સાઠ સીતેર, કોઈ પોણોસો એશી;
જે જાયું તે જાય, નથી રહેવાનું બેશી;
જે નામ તેહેનો નાશ છે, ધર્મજ એવો ધારવો;
કવિ શામળ કહે મુરખ કરે, ગંદિ દેહનો ગારવો. ૧૩

ઘડી પલક કે પહોર, સાંજ સવાર કે વહાણું;
એ દીપક ઓલાય, ન આવે સાથે નાણું;
રહે ઘરમાં કે ગામ, દેશ પરદેશે પડશે;
જળ પરપોટો જેમ, એક દિન નિશ્ચે નડશે;
મી કોઈની રહેશે નહી, દિવસ નકી નહિ દેહનો;
કે કુંભ છે, તો ભરુંસો શો તેહનો. ૧૪—૩૧૨

